તાત્કાલિક / સમય મર્યાદા

આવકવેરા કપાત બાબત...
નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ**

પરીપત્ર ક્રમાંક હિનિ/પે-સેલ/૧૨૮૧૭ /૨૦૨૨

તા.૧૯-૦૧-૨૦૨૨

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીઓને જણાવવાનું કે, આપશ્રીની કચેરી ખાતે ફરજ બજાવતા જે કર્મચારીઓ/ અધિકારીશ્રીઓની નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન આવક આવકવેરાને પાત્ર થતી હોય તેઓએ તેમની આવક તેમજ બચત/ રોકાણની વિગતો આ સાથે સામેલ રાખેલ આવકવેરાના ફોર્મમાં રજુ કરવાની રહે છે. આ આવકવેરાના ફોર્મ ભરીને જરૂરી **આધાર પુરાવા** સાથે સામેલ રાખી આપશ્રીની કક્ષાએથી જરૂરી ચકાસણી કરી કર્મચારીના પોતાના **PAN** નંબર**(Correct)** સહિત **તા.૧૮/૦૨/૨૦૨૨ સુધીમાં** અત્રેની કચેરીના પે એન્ડ પેન્શન સેલને **બે (૨) નકલમાં** મોકલી આપવાના રહેશે.

- આ સાથેના નમૂના મુજબનું **Self- Assessment Statement** ઉક્ત તારીખ સુધીમાં અત્રેના પે-સેલને નહી મળે તો તેઓની આવકની ગણતરી કરી લઇ તેઓએ કોઇ બચત/ રોકાણ કરેલ નથી તેમ માની લઇને કપાત કરવા પાત્ર આવકવેરો માહે ફેબ્રુઆરી-૨૦૨૨ ના બીલમાં કપાત કરી દેવામાં આવશે.
- કર્મચારીઓ/ અધિકારીઓએ **Self - Assessment Statement** માં દર્શાવ્યા મુજબની બચત/રોકણ અચૂકપણે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવાનું રહેશે. જો તેમ કરવામાં તેઓ કસુર કરશે તો તેઓની અંગત જવાબદારી રહેશે.
- કર્મચારી/ અધિકારી દ્વારા બચત/ રોકાણમાં ફેરફારને કારણે વધારાનો આવકવેરો કપાત કરવાનો થતો હશે તો તે માહે ફેબ્રુઆરી-૨૦૨૨ ના બીલમાં કપાત કરી દેવામાં આવશે.
- જે કર્મચારીઓ ઇન્કમ ટેક્ષ **PAN** ધરાવે છે તેમજ નિયમિત રીતે રીટર્ન ફાઇલ કરે છે તેવા તેમજ જેઓની કુલ આવક ૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ હોય તેવા કર્મચારીઓએ ફોર્મ નં.૧૬ મેળવવા માટે તેઓનું **Self-Assessment Statement** પે-સેલને નિયત સમય મર્યાદામાં અચૂક મોકલી આપવાનું રહેશે. જે કર્મચારીઓના **Self- Assessment Statement** અત્રે નહીં મળેલ હોય તેવા કર્મચારીઓ ફોર્મ નં.૧૬ મેળવવા હકકદાર રહેશે નહી.
- અત્રેની કચેરીના ધ્યાન ઉપર એવું પણ આવેલ છે કે કેટલાક કર્મચારી/ અધિકારીશ્રીઓ બચત/ રોકાણ કરશે તેમ જણાવે છે પરંતુ હકીકતમાં તેઓ દ્વારા આવું રોકાણ કરવામાં આવતું નથી જે ઘણી જ ગંભીર બાબત છે. આ કારણોસર કપાત કરવાપાત્ર થતા આવકવેરાની કપાત નહી થવાથી ઉપાડ અને ચુકવણા અધિકારી તો જવાબદાર ઠરે છે પરંતુ સાથોસાથ સંબંધિત અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ પણ આડકતરી રીતે જવાબદાર ગણાય છે.

ઉપરના સંજોગોમાં કોઇ પણ બાબતે પ્રશ્ન ઉપસ્થિત ના થાય અને આવકવેરા વિભાગની કારણદર્શક નોટીસનો સામનો ન કરવો પડે તે માટે જે તે કર્મચારીઓ/ અધિકારીશ્રીઓએ તેમની બચત/રોકાણના પુરાવા **તા.૧૮/૦૨/૨૦૨૨** સુધીમાં અત્રેના પે-સેલ સમક્ષ અચુક રજુ કરવાના રહેશે અન્યથા તેઓએ બચત કે રોકાણ કરેલ નથી તેમ માની લઇ કપાત કરવાપાત્ર થતો આવકવેરો માહે ફેબ્રુઆરી-૨૦૨૨ ના પગારમાંથી કપાત કરી લેવામાં આવશે.

- જે કર્મચારીઓ / અધિકારીશ્રીઓની કુલ ગ્રોસ આવક ૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ હોય (૫૦,૦૦૦- **Standard Deduction** તથા **Chapter IV-A of Income Tax Act-1961** હેઠળની કપાત બાદ કર્યા સિવાય) તેઓએ આવકવેરાનું પત્રક અચૂકપણે ભરીને અત્રે મોકલી આપવાનું રહેશે.
- અત્રેના પે-સેલ તરફથી ચાલુ માસ જાન્યુઆરી-૨૦૨૨માં જે આવકવેરાના પત્રક મોકલી આપવામાં આવેલ છે તેમાં જો માહે જાન્યુઆરી-૨૦૨૨ થી માર્ચ-૨૦૨૨ સુધી જો કોઇપણ એરીયર્સ નું ચુકવણું કરવામાં આવશે તો તેમાંથી આવકવેરાની કપાત કરી લેવામાં આવશે.
- જે તે કચેરી ખાતે ફરજ બજાવતા ફેલોને ફોર્મ નંબર-૧૬ મેળવવા માટે માહે માર્ચ-૨૦૨૨ના તેઓના પગારબીલ હિસાબી અધિકારીશ્રી (પી.એફ./પેન્શન) ની કચેરી દ્વારા પાસ થયા બાદ તેઓના આવકવેરાના ફોર્મ એક (૧) નકલમાં ઓડીટ ઓફીસરશ્રી પે-સેલને જરૂરી આધાર પુરાવા સાથે સામેલ રાખી મોકલી આપવાના રહેશે. જે તે ફેલોના ફોર્મ અત્રે મળવાપાત્ર નહી રહે તો તેઓને ફોર્મ-૧૬ મળવાપાત્ર થશે નહી જે બાબતે આપની કચેરીના પગાર ટેબલ સંભાળતા ડીલીંગ કલાર્કને જરૂરી સુચનાઓ આપશો.

હિસાબી અધિકારી
(પી.એફ./પેન્શન)

**નકલ રવાના :**

(૧) ઓડીટ ઓફીસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ તરફ જાણ અને અમલ થવા સારૂ.

(૨) આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી તરફ જાણ અને અમલ થવા સારૂ.

| OPTION | |
|---|---|

**OFFICE OF THE COMPTROLLER, PAY & PENSION CELL**

**ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND**

**Self Assessment of Income-Tax for the Financial Year 2021-22**

**Assessment Year : 2022-23**

| EMP. NO | | Birth Date | | PAN NO | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| NAME | | | | DESIGNATION | | | | | | | | | | |
| Mobile No. | | | | | | | | | | | | | | |

| Sr.No | Particulars | | Amount Rs. |
|---|---|---|---|
| 1 | **Gross Salary** | | |
| | Medical Reimbursement / Pension | | |
| | Exemption on Leave Encashment (300 Day) (-) | | |
| | Exemption on Gratuity (-) | | |
| | Exemption on Commuted pension (-) | | |
| | Exemption on Recovery / Exgrasiya / Other (-) | | |
| | **Gross Total Income** | | |
| 2 | **Less :-** | | |
| | (a) Standard Deduction U/s16(ia) (Maxi. Rs.50000/-) | | |
| | (b) Professional Tax U/s 16 (i) | | |
| 3 | **Balance (1-2)** | | |
| 4 | **Less :-** HBA Interest U/s 24B (i) (iv)<br>Upto Rs.30,000/- Prir to Dt. 01/04/1999<br>Upto Rs.2,00,000/- On or after Dt. 01/04/1999 | | |
| 5 | **Total Income (3-4)** | | |
| 6 | **Deduction** : Under Chapter VI-A | **Qualifying Rs.** | |
| | **a)** Mediclaim U/s 80-D (For General Max.25,000 & Sr.Citizen Max.50,000) | | |
| | **b)** Medical Treatement of Handicapped dependents U/s 80-DD (Max.75,000 for 40% Disablity & Max.125000 for 80% Disablity, as per Medical Certificate) | | |
| | **c)** Medical Treatement on Serious disease U/s 80-DD B (Max.40,000)(as per Medical Certificate) | | |
| | **d)** Pemanent Disability U/s 80-U (Max.75,000 for40% Disablity & Max.125000 for 80% Disablity, as per Medical Certi) | | |
| | **e)** Education Loan Interest U/s 80-E | | |
| 7 | **Total (a to e)** | | |
| 8 | **Gross Total Income (5-7)** | | |
| 9 | **Deduction** : U/s 80 C & 80 CCD **(Max. 1,50,000)** | Qualifying Rs. | |
| | **9A U/s 80 C** | | |
| | (i) GPF Contribution | | |
| | (ii) GSLI | | |
| | (iii) PPF | | |
| | (iv) LIC Premiun | | |
| | (v) PLI Premiun | | |
| | (vi) Deposit in 10 Year, 15 Year account under the P.O. Saving Bond (CTD) | | |
| | (vii) NSC | | |
| | (viii) NSC Interest re- Invested | | |

**P.T.O.**

*Jay*

| | | | |
|---|---|---|---|
| | **9A U/s 80 C (Cont........)** | Qualifying Rs. | |
| | (ix) ULIP/ Equity Link Saving Fund | | |
| | (x) Investment in Pesnion Fund | | |
| | (xi) HBA Repayment of Princiapl | | |
| | (xiii) Education Expenses (Tution/Education Fee Only Up to 2 Childrens) | | |
| | (xiv) Any other | | |
| | **Total (9A ) Max. 1,50,000** | | |
| | **9B U/s 80 CCD (1 B)** | | |
| | NPS (Employee's Share) OR NPS | | |
| | **Total (9 B )**Additional Deduction **Max. 50,000** | | |
| 10 | **Total ( 9A & 9B) Qualifying Amount Max. 2,00,000** | | |
| 11 | **Net Taxable Total Income (8-10)** | | |
| 12 | Tax Payble | | |
| 13 | **LESS :-TOTAL TAXABLE INCOME NOT EXECEEDING RS. 5,00,000 THE AMOUNT OF REBATE IS RS.12,500/- OR THE AMOUNT OF TAX PAYABLE WHICH EVER IS LOWER** | | |
| 14 | Tax payable on Net Taxable Income | | |
| 15 | Add : 4% ( Health & Education Cess) | | |
| 16 | **Total Tax Payable (14+15)** | | |
| | Tax Deduction up to **December - 2021 & ARR** | | |
| | Tax To be Deduction in **January - 2022** | | |
| | Tax To be Deduction in **February- 2022** | | |
| **17** | **TOTAL PAID TAX** | | |
| **18** | **Tax Payable (+) / Refundable (-) (16-17)** | | |

**CERTIFICATE**

**Certified that the information regarding total income and deduction mentioned in the statement is correct as per Income-tax Act.**
**.ઉપરોકત માહિતી અને ટેક્ષની ગણતરી સાધનીક પુરાવા આધારીત કરવામાં આવેલ છે જે મારી જાણ મુજબ બરાબર છે અને ભવિષ્યમાં આ બાબતે આવકવેરા વિભાગમાંથી જો કોઈ નોટીસ આવશે અને જો નાણા/ પેનલ્ટી ભરવાની થશે તો તે ભરવાની હું બાંહેધરી આપું છું**

**Date :- / /2022** **SIGNATURE:-**

**OPTION :- (A) TAX SLABE**

**(નવો) વિકલ્પ સ્વીકાર કરવાથી કુલ ગ્રોસ પેન્શન ઉપર ટેક્ષ ગણવાનો રહેશે,અન્ય કોઈ કપાત /બચત મળવાપાત્ર નથી.**

| | |
|---|---|
| Up to ₹ 2,50,000 | NIL |
| ₹ 2,50,001 To ₹ 5,00,000 | 5% above ₹ 2,50,000 |
| ₹ 5,00,001 To ₹ 7,50,000 | ₹ 12,500 + 10% above ₹ 5,00,000 |
| ₹ 7,50,001 To ₹ 10,00,000 | ₹ 37,500 + 15% above ₹ 7,50,000 |
| ₹ 10,00,001 To ₹ 12,50,000 | ₹ 75,000 + 20% above ₹ 10,00,000 |
| ₹ 12,50,001 To ₹ 15,00,000 | ₹ 1,25,000 + 25% above ₹ 12,50,000 |
| Above ₹ 15,00,000 | ₹ 1,87,500 + 30% above ₹ 15,00,000 |

**OPTION :- (B) TAX SLABE**

**(જુનો) વિકલ્પ સ્વીકાર કરવાથી ટેક્ષેબલ ઈન્કમ ઉપર ટેક્ષ ગણવાનો રહેશે અને કપાત / બચત મળવાપાત્ર રહેશે.**

| **INDIVIDUAL** | | **SR.CITIZEN (60 - 80 years)** | | **SUPER SR.CITIZEN (80 & Above)** | |
|---|---|---|---|---|---|
| UPTO 2,50,000 | NIL | Up to ₹ 3,00,000 | NIL | - | - |
| ₹ 2,50,001 To ₹ 5,00,000 | 5% above ₹ 2,50,000 | ₹ 3,00,001 To ₹ 5,00,000 | 5% above ₹ 3,00,000 | Up to ₹ 5,00,000 | NIL |
| ₹ 5,00,001 To ₹ 10,00,000 | ₹ 12,500 + 20% above ₹ 5,00,000 | ₹ 5,00,001 To ₹ 10,00,000 | ₹ 10,000 + 20% above ₹ 5,00,000 | ₹ 5,00,001 To ₹ 10,00,000 | 20% above ₹ 5,00,000 |
| Above ₹ 10,00,000 | ₹ 1,12,500 + 30% above ₹ 10,00,000 | Above ₹ 10,00,000 | ₹ 1,10,000 + 30% above ₹ 10,00,000 | Above ₹ 10,00,000 | ₹ 1,00,000 + 30% above ₹ 10,00,000 |

**CHECKED BY DEALING CLERK** | **DDO** | **AUDIT OFFICER PAY & PENSION CELL**

*Jay* ☕